Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

78

# ઉચ્ચ શિક્ષિત યુવતીઓમાં કાનૂની જાગૃતતા અને અમલીકરણ

**ધર્મિષ્ઠા લાખાભાઈ સોલંકી**

રીસર્ચ સ્કોલર, સી. યુ. યુનિવર્સિટી, સુરેન્દ્રનગર

**પ્રસ્તાવના**

આઝાદીના સાડા સાત દાયકા પછી પણ આપણા દેશમાં મહિલાઓની રાજકીય ભાગીદારી 10% જેટલી પણ નથી. 1910ની સલામાં કેપનહેગનમાં ભરાયેલા આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલનમાં 8 માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું અને યુએન દ્વારા તેને બહાલી પણ મળી. ત્યારથી એટલે કે છેલ્લી એક સદીથી 8 માર્ચનો દિવસ વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવાતો આવ્યો છે. મોટા ભાગના લોકો માને છે કે નારીવાદની શરૂઆત નારીઓ દ્વારા થઈ પરંતુ તમને જાણીને આશ્ચર્ય થશે કે નારીવાદનો આવિર્ભાવ કોઈ સ્ત્રી દ્વારા નહીં, પરંતુ એક પુરુષ દ્વારા કરવામાં આવ્યો હતો. અઢારમી સદીમાં ઇંગ્લેન્ડમાં રાણી વિક્ટોરિયાના દરબારના એક દરબારી જેમ્સ સ્ટુઅર્ટ મિલ દ્વારા સૌપ્રથમ વાર નારી અધિકારોની માંગ રજૂ થઈ. તેમણે સ્ત્રીશિક્ષણ, સ્ત્રોઓના મતાધિકાર અને વારસાહક્કની હિમાયત કરી, જે બધાથી ઇંગ્લેન્ડની અને દુનિયાભરની સ્ત્રીઓ તે સમયે વંચિત હતી! નવાઈની વાત એ છે કે નારી હોવા છતાં, રાણી વિક્ટોરિયા નારીઓને પુરુષસમાન અધિકારો મળવા જોઈએ એ વાત સાથે સંમત ન હતા. જેમ્સ મિલને નારીઅધિકારો અંગેના બિલને પસાર કરાવવા માટે રીતસરનું આંદોલન છેડવું પડેલું.

આપણા દેશમાં અઢારમી અને ઓગણીસમી સદી સ્ત્રીઓ માટે અંધકારમય જ રહેલી. રાજા રામમોહન રાયે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સ્ત્રીઓના સતી થવાના રિવાજ સામે જેહાદ જગાવી હતી અને આખરે અંગ્રેજ

સરકાર દ્વારા આ ક્રૂર પ્રથા પર પ્રતિબંધ લાદવામાં આવેલો. પરંતુ એ સિવાય સ્ત્રીઓની જિંદગી અક્ષરો વગરની, અધિકારો વગરની, ઘરની ચાર દિવાલોમાં જ કેદ રહેલી. વીસમી સદીના પ્રારંભે કેશવચંદ્ર સેન, મહાત્મા ફૂલે, જસ્ટિસ રાનડે, મહર્ષિ કર્વે જેવા સમાજસુધારકોએ સૌપ્રથમવાર ભારતીય નારીઓના શિક્ષણ અને અધિકારોની વાત આરંભી અને તેને બળ મળ્યું. ગાંધીજીએ દેશની નારીઓને ઘરની બહાર નીકળી શિક્ષણ લેવા અને આઝાદીના જંગમાં ઝૂકાવવા પ્રેરિત કરી. 1930ના દાયકા પછી ભારતીય સ્ત્રીઓમાં જાગૃતિ આવવા લાગી. સ્ત્રીઓ શિક્ષણ લેતી થઈ. તેમણે આઝાદીના જંગમાં ઝુકાવ્યું. સ્વતંત્રતા પછી નારીવિકાસમાં વેગ આવ્યો. બંધારણ દ્વારા સ્ત્રીઓને પુરુષ સમકક્ષ અધિકારો પ્રાપ્ત થયા. સ્ત્રીઓના વિકાસ માટે સરકાર દ્વારા વિશેષ નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા જેને પરિણામે સ્ત્રીશિક્ષણમાં વેગ આવ્યો, સ્ત્રીઓ શિક્ષિત થઈને આર્થિક રીતે પગભર થતાં શીખી.

લગભગ આ જ સમયે, એટલે કે 1950ના દાયકામાં પશ્ચિમમાં નારીવાદ ઘણો આગળ નીકળી ગયો. આમ તો નારીવાદનું સૌપ્રથમ વાર તાર્કિક અને વ્યવસ્થિત રીતે કથન થયું લેખિકા વર્જિનિયા વુલ્ફ દ્વારા. 1929માં તેમણે લખેલું પુસ્તક 'A Room of One's Own' એ નારીવાદનું બાઈબલ ગણાય છે. આજ સુધી નારીવાદના સમર્થનમાં રજૂ થયેલા દરેક વિચારનું બીજ વર્જિનિયા વુલ્ફના આ પુસ્તકમાં પડેલું માનવામાં આવે છે. જોકે, આ પુસ્તકમાં કોઇ પડકાર કે આહ્વાનનો સ્વર નહોતો. તે સ્વર રજૂ થયો ફ્રેન્ચ લેખિકા સિમોન 'દ બુવા દ્વારા 1949માં લખાયેલાં પુસ્તક 'The Second Sex'માં. આ પુસ્તકે નારીવાદી વિચારધારામાં એક માઈલસ્ટોન સ્થાપિત કર્યો. તેમણે પ્રથમ વાર 'જેન્ડર ઇક્વાલિટી'ની વાત રજૂ કરી અને દૃઢપણે જણાવ્યું કે સ્ત્રી અને પુરુષ બંને જાતિગત દરજ્જાની દૃષ્ટિએ સમાન છે. તે સાથે જ પશ્ચિમમાં દરેકે દરેક બાબતમાં પુરુષસમાન અધિકારો પ્રાપ્ત કરવા માટે સ્ત્રીઓ દ્વારા 'રેડિકલ ફેમિનીઝમ'ની મુવમેન્ટનો પ્રારંભ થયો. અમેરિકા, યુકે, ફ્રાન્સ, તથા અન્ય પશ્ચિમી દેશોમાં 'રેડિકલ ફેમિનીઝમ'નું મોજું ફૂંકાયું.

સદીઓથી દબાયેલી, કચડાયેલી અને પોતાના અધિકારોથી વંચિત રહેલી સ્ત્રીઓએ આક્રોશપૂર્ણ બની આંદોલનો છેડ્યાં. તેમણે પુરુષ જેવો પહેરવેશ અપનાવ્યો, વાળ પણ કપાવીને પુરુષો જેવા કરાવી દીધા અને અંત:વસ્ત્રોને ફગાવી દીધા. આ કદાચ અતિશયોક્તિપૂર્ણ હતું. આને કારણે 'ફેમિનીઝમ'ને નેગેટિવ દૃષ્ટિથી

જોવામાં આવવા લાગ્યો. ભારતમાં બુદ્ધિજીવી લોકો પણ નારીવાદથી ભડકવા લાગ્યા અને 'નારીવાદ'ને સમજવાને બદલે તેને હાંસીપાત્ર બનાવી દેવામાં આવ્યો.

નારીવાદ અને ગાયનોસેન્ટ્રીસિઝમના ગહન અભ્યાસની ડો. રંજના હરીશ જણાવે છે, 'નારીવાદ એ કંઇ પુરુષવિરોધી વાદ નથી. આજના નારીવાદનું મુખ્ય સૂત્ર છે સ્ત્રીના દેહનો, તેના હૃદયનો અને તેની બુદ્ધિનો ગૌરવપૂર્ણ સ્વીકાર. દેવી કે દાસીના રૂપમાં નહીં, પણ મનુષ્યના રૂપમાં તેનો સ્વીકાર." આજે ભારતીય સ્ત્રીઓએ દરેકે દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને શિક્ષણ, સમાજસેવા, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મેડિસીન, પત્રકારત્વ, કલા, કાનૂન, પોલીસ ખાતું, રમતગમત, પર્વતારોહણ- દરેક ક્ષેત્રે પોતાની જાતને પ્રસ્થાપિત કરી છે. તેમણે એવરેસ્ટ પણ સર કરી લીધું છે અને અવકાશમાં પણ ઊડી આવી છે. તેમ છતાં હજુ તેમની રાજકીય ભાગીદારી 7%થી વધુ નથી ! આજની શિક્ષિત, આધુનિક નારી પણ વારંવાર ઘરેલુ હિંસા, અન્યાય અને સામાજિક ભેદભાવનો શિકાર બનતી રહે છે. ગ્રામીણ અને આદિવાસી સ્ત્રીઓ હજુ પણ હાંસિયામાં છે. સ્ત્રીઓ સામેના અપરાધો જેવા કે, સ્ત્રીઓના અપહરણ, છેડતી, સ્ત્રીઓ સાથે હિંસા અને બળાત્કારના કિસ્સા દિવસે ને દિવસે વધતા જાય છે. 'જેન્ડર ઇક્વાલિટી' જેટલી કાગળ પર છે, તેટલી સમાજમાં નથી! વુમન એમ્પાવરમેન્ટ ત્યારે જ થયું ગણાય જ્યારે સ્ત્રી પોતાને મળેલા અધિકારોનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે, તેની સામે સતત તોળાતા રહેતા શારીરિક-માનસિક હિંસાના ડરમાંથી મુક્ત બની તે પોતાની સ્વતંત્રતા અને સમાનતાને સંપૂર્ણપણે માણી શકે. આ બાબતને ધ્યાને રાખી સંશોધકે ઉચ્ચશિક્ષિત યુવતીઓમાં કાનૂની જાગૃતતા અને અમલીકરણ વિષય પર સંશોધન પેપર રજૂ કરવાનું નક્કી કર્યું.

### સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર

પ્રસ્તુત સંશોધન પેપર "ઉચ્ચશિક્ષિત યુવતીઓમાં કાનૂની જાગૃતતા" વિષય માટે મુખ્ય બે હેતુઓ જોવા મળે છે. 1. ઉચ્ચ શિક્ષિત યુવતીઓમાં કાનૂની જાગૃતતા અને અમલીકરણ વિશે માહિતી મેળવવી અને 2. મહિલાઓ માટે બંધારણમાં થયેલ કાનુની જોગવાઇઓ વિશે જાણકારી પ્રાપ્ત કરવી. પ્રસ્તુત સંશોધન પેપર માટે સંશોધકે પંચમહાલ જિલ્લામાં આવેલ ઉચ્ચ શિક્ષણ મહાવિદ્યાલયોમાંથી સાદા યદચ્છ નિદર્શન પધ્ધતિ દ્વારા પાંચ મહાવિદ્યાલયોની પસંદગી કરેલ છે, જેમાં શહેરા, મોરવાહડફ, ગોધરા, કાલોલ અને ધાનપુર તાલુકાની વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન મહાવિદ્યાલયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક મહાવિદ્યાલયોમાંથી

વીસ-વીસ એમ કુલ મળી સો માહિતીદાતાઓની હેતુલક્ષી બિન યદચ્છ નિદર્શન પદ્ધતિથી પસંદગી કરી, સંશોધકે ઉત્તરદાતાઓ પાસેથી પ્રશ્નાવલી પ્રયુક્તિ દ્વારા પ્રાથમિક માહિતી એકત્ર કરેલ છે. ગૌણ માહિતી માટે સંશોધકે ગ્રંથાલય પ્રયુક્તિનો ઉપયોગ કરી પૂર્વ થયેલા સંશોધનો, પુસ્તકો તેમજ ઇન્ટરનેટ પરથી માહિતી એકત્ર કરી છે. પ્રસ્તુત સંશોધન પેપર આ દિશામાં સંશોધન કરનારા ભાવિ સંશોધકો માટે નવી ઉપકલ્પનાઓનું ઘડતર કરવામાં ઉપયોગી બનશે તેમજ અન્ય સંશોધકોને સંશોધન માટે નવી દિશાઓ ખોલી આપશે. પ્રસ્તુત સંશોધન પેપરમાં મહિલાઓ માટે કૌટુંબિક જીવનને લગતા કાયદાઓ, લગ્ન વિષયક બાબતોને લગતા કાયદાઓ, મિલકત સંબંધી કાયદાઓ, જાહેર જીવન સંબંધિત કાયદાઓ વિશે માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

### ઉચ્ચ શિક્ષિત યુવતીઓમાં કાનૂની જાગૃતતા અને અમલીકરણ

ભારતના બંધારણે સ્ત્રીને કેટલાક અધિકારો બક્ષ્યા છે; દા.ત., (1) લિંગભેદ વિનાની સમાનતા; (અનુ. 14); (2) તરફદારી નિષેધ [અનુ. 15 (1), 16 (1), 16 (2)]; (3) જીવન ટકાવવા માટેનાં સાધનોનો સમાન અધિકાર [અનુ. 39 (એ)]; (4) સ્ત્રીનું શોષણ થતું અટકાવવાનો અધિકાર [અનુ. 39 (સી)]; (5) સ્ત્રીના ગૌરવનું રક્ષણ [અનુ. 51 એ (ઈ)]; (6) જાહેર સેવામાં સ્ત્રીની સમાનતાનું રક્ષણ [અનુ. 15 (1), 16 (1), 16 (2)]; (7) અંગત કાયદામાં સમાનતાના રક્ષણનો અધિકાર; (8) સમાન વેતનનો અધિકાર (ઇક્વલ રેમ્યૂનરેશન ઍક્ટ) અને (9) અંગત સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ. 21) ઉલ્લેખનીય છે. બંધારણની ઉપર્યુક્ત જોગવાઈઓની ર્દષ્ટિએ હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસીઓના અલગ કાયદાઓની મુલવણી કરીએ તો આ કાયદાઓ ધર્મનિરપેક્ષતાની વિભાવનાના વિકાસમાં બાધક છે અને એને કારણે બંધારણે સમાન સિવિલ કોડ ઘડવાનો જે આદેશ આપ્યો છે તેમાં આગળ વધી શકાય તેમ નથી એવો એક પ્રબળ મત છે.

બંધારણીય જોગવાઈઓને અમલમાં મૂકવા માટે યથાસમયે નીચેના પૂરક કાયદાઓ ઘડવામાં આવ્યા છે : (1) ધ ડાવરી પ્રોહિબિશન ઍક્ટ, 1961; (2) ધ ડાવરી પ્રોહિબિશન (મેન્ટેનન્સ ઑવ્ લિસ્ટ ઑવ્ પ્રેઝન્ટ્સ ટૂ ધી બ્રાઇડ ઍન્ડ બ્રાઇડગ્રૂમ) રુલ્સ, 1985; (3) ધ ઇન્ડિયન પીનલ કોડ, 1860 (ક. 304-બી, ક. 354, 509, 493, 494, 495, 496, 497, 498, 498-એ, 306, 375થી 377, 312થી 316, 363, 372, 373); (4) એવિડન્સ ઍક્ટ (કલમો : 114-એ, 51); (5) 'ક્રિમિનલ પ્રોસીજર કોડ' કલમો : 113-એ, 113-બી, 125, 127, 198, 160, 161, 174);

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

(6) ધી ઇમ્મૉરલ ટ્રાફિક (પ્રિવેન્શન) ઍક્ટ, 1956; (7) 'ઇન્ડિસન્ટ ઍક્સ્પોઝર ઑવ્ વિમેન (પ્રિવેન્શન) ઍક્ટ, 1986'; (8) 'ધ યંગ પરસન્સ હાર્મફુલ પબ્લિકેશન ઍક્ટ, 1956'; (9) 'ધ મુસ્લિમ વુમન (પ્રોટેક્શન ઑવ્ રાઇટ્સ ઑન ડિવૉર્સ' ઍક્ટ, 1986'; (10) 'ધ મુસ્લિમ વુમન (પ્રોટેક્શન ઑવ્ રાઇટ્સ ઍન્ડ ડિવૉર્સ) રુલ્સ, 1986'; (11) ધ હિંદુ મૅરેજ ઍક્ટ, 1956; (12) 'ઇંડિયન ક્રિશ્ચિયન મૅરેજ ઍન્ડ ડિવૉર્સ ઍક્ટ, 1936'; (13) 'સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ, 1954'; (14) 'મેડિકલ ટર્મિનેશન ઑવ્ પ્રેગ્નન્સી ઍક્ટ'; (15) 'ચાઇલ્ડ મૅરેજ રિસ્ટ્રેન્ટ ઍક્ટ, 1929; (16) 'ધ મેટર્નિટી બેનિફિટ ઍક્ટ, 1961'; (17) 'પારસી મૅરેજ ઍન્ડ ડિવૉર્સ ઍક્ટ, 1936'; (18) 'ઇક્વલ રેમ્યૂનરેશન ઍક્ટ, 1976'.

- **ઘરેલુ હિંસા –**

ઘરેલું હિંસા એટલે ઘર માં મહિલાઓ સાથે થતી હિંસા ઘરેલું હિંસા અધિનિયમ–2005 ઘરેલું હિંસા સામે ફરીયાદ કરવા અને સુરક્ષા મેળવવા માટે કાયદો છે જેનું નામ ઘરેલુ હિંસા અધિનિયમ.

આ કાયદાનુસાર ઘરેલુ હિંસા એટલે મહિલા ઉપર ઘરના સભ્યો તથા ઘરેલુ સંબંધ ધરાવતી વ્યક્તિ દ્વારા કરવામાં આવતી શારીરિક, માનસિક, આર્થિક, શાબ્દિક અને ભાવનાત્મક હિંસા. આમાંથી એક પણ પ્રકારની હિંસાનો ભોગ બનનાર મહિલાને શારીરિક તકલીફ પહોંચે અથવા મહિલાની ગરિમાનું અપમાન થાય તો આ પ્રકારની હિંસા કરનાર વ્યક્તિને ઘરેલુ હિંસા અધિનિયમ અનુસાર સજા આપવામાં આવે છે. ઘરેલુ હિંસામાં અપમાન, મશ્કરી, શરમજનક વર્તન, મહેણાં-ટોણાં મારવાં, હાંસી ઉડાવવી, દહેજ અથવા અન્ય માગ પૂર્ણ કરવા સતત દબાણ કરવું, બાળકની જાતિ જાણવા માટે ગર્ભપરીક્ષણ કરાવવું અથવા બાળકોના ભરણપોષણ માટેનું વળતર, સ્ત્રીધન, વારસાગત મિલકત તેમજ ભાડાની આવકમાં હિસ્સો ન આપવો વગેરેનો ઘરેલુ હિંસામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં 96% ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું કે તેઓ સ્ત્રી સંબંધિત કરેલું હિંસાના કાયદા વિશે જાણે છે. પરંતુ આ કાયદો ક્યારથી અમલમાં આવ્યો અને કઇ કલમ હેઠળ ગુનો નોંધી શકાય તે અંગેનું જ્ઞાન માત્ર 32% ઉત્તરદાતાઓ જ ધરાવતા હતા. ઉત્તરદાતાઓને આ કાયદાના  અમલીકરણ વિશે પૂછતા જાણવા મળ્યું કે ભવિષ્યમાં એમના સાથે કોઇ પ્રકારની ઘરેલુ હિંસાત્મક સ્થિતિ સામે આવશે તો આ કાયદાનો

ઉપયોગ કરી સામાજિક રક્ષણ પ્રાપ્ત કરશે. એનો અર્થ એ થયો કે પરિવર્તનના પરિબળોના લીધે વર્તમાન સમયમાં યુવતીઓ પોતાને મળેલા ઘરેલુ હિંસા સંબંધિત કાયદાઓના ઉપયોગ માટે જાગૃત અને કટિબદ્ધ છે.

- **દહેજ પ્રતિબંધિત અધિનિયમ**

ભારતીય લગ્નવ્યવસ્થાના દૂષણ-સ્વરૂપે વિકસેલી સામાજિક પ્રથા. આ દેશવ્યાપી પ્રથાએ લગ્નસંસ્થા અને સ્ત્રીના સામાજિક દરજ્જા સંદર્ભે ગંભીર પ્રશ્નો અને પડકારો સર્જ્યાં છે. હિન્દુઓ, મુસ્લિમો તેમજ ખ્રિસ્તીઓમાં દહેજની બદી ફેલાયેલી છે. હિન્દુઓમાં લગ્નને પવિત્ર બંધન માનવામાં આવે છે. આ બંધન ત્યારે જ માન્ય ગણાય છે જ્યારે તેમાં કન્યાદાન અપાયું હોય. વરને ‘દક્ષિણા’ ન અપાય ત્યાં સુધી કન્યાદાન સંપન્ન થતું નથી એવું ધર્મશાસ્ત્રો દર્શાવે છે, અને તેથી તે લોકસ્વીકૃત બન્યું છે. વરદક્ષિણા તો સદીઓથી કન્યાનાં માતાપિતા માટે પ્રેમ અને લાગણીનું પ્રતીક મનાય છે. પરંતુ આ નિર્દોષ પ્રતીકના ઓઠા હેઠળ કન્યાનાં માતાપિતા પાસેથી વરપક્ષ દ્વારા ધાકધમકીથી નાણાં અને સંપત્તિ હડપ કરવાની વૃત્તિ ઓગણીસમી સદીના મધ્યભાગથી દહેજ સ્વરૂપે વ્યાપક બની અને વીસમી સદીના અંતમાં હજારો પરિણીતાઓનાં અપમૃત્યુનું કારણ બની છે.

1961માં, ભારત સરકાર દ્વારા દહેજ પ્રતિબંધ કાયદો પસાર કરવામાં આવ્યો. લગ્નની તૈયારીમાં કરવામાં આવતી દહેજની માંગને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. જો કે તેમ છતાં પણ દહેજ સંબંધિત ઘરેલું હિંસા, આત્મહત્યા અને ખૂનના કિસ્સા નોંધાયેલા જોવા મળ્યા છે. 1980માં આવા સંખ્યાબંધ કિસ્સા નોંધાયેલા છે. 1985માં, દહેજ પ્રતિબંધક નિયમ કડક કરવામાં આવ્યો (કન્યા અને વરને આપવામાં આવતી ભેટની વિગત તૈયાર કરવાનું જાહેર કરવામાં આવ્યું).આ કાયદા અનુસાર, લગ્ન સમયે કન્યા અને વરને આપવામાં આવતી ભેટની વિગત તૈયાર કરીને તેમાં નીચે સહી કરીને રાખવું. આ વિગતમાં દરેક ભેટની સંપૂર્ણ વિગત અને તેની અંદાજિત કિંમત, જે વ્યક્તિએ તે ભેટ આપી હોય તેનું નામ અને તેની સાથેનો સંબંધ નોંધવામાં આવશે. જો કે આ નિયમ ક્યારેક જ અમલમાં મૂકવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું કે તેઓ દહેજ પ્રથા પ્રતિબંધના કાયદા વિશે જાણકારી ધરાવે છે. આમાંથી મોટાભાગના ઉત્તરદાતા એમ પણ માને છે કે તેઓના લગ્ન સમયે દહેજ ન આપવું. પરંતુ સામાજિક રિવાજ અને પ્રથાની યાદમાં દહેજ આપવા માટે લેવામાં આવતું

હોય છે જેની સામે પોતે કશું કરી શકે એમ નથી. આના પરથી એમ ત્રણ તારી શકાય કે દહેજના દૂષણ વિશે જે કાયદો બનાવવામાં આવ્યો છે તેની જાણકારી લોકોમાં છે પરંતુ તેનુ અમલીકરણ ખૂબ ઓછું જોવા મળે છે.

- **છુટાછેડા અંગેનો કાયદો**

પ્રાચીન હિંદુ પ્રથામાં છૂટાછેડા લેવાની કોઈ વ્યવસ્થા નહોતી, છતાં હિંદુ લગ્ન ધારા 1955ની કલમ-13 પ્રમાણે છૂટાછેડા લેવા માટે પતિ અને પત્ની માટે જુદા જુદા આધાર છે. આ પ્રમાણે છે. લગ્ન પછી પોતાના જીવનસાથી સિવાય બીજા સાથે શારીરિક સંબંધ બાંધવો, તે વ્યભિચાર કહેવાય છે અને આ બાબત સાબિત કરવાથી પતિ કે પત્નીને છૂટાછેડા મળી શકે છે. જોકે વ્યભિચાર સાબિત કરવાનું સરળ ન હોવાથી આ આધારનો વધારે ઉપયોગ કરાતો નથી. ખાસ બાબત તો એ છે કે હિંદુ લગ્ન ધારા હેઠળ બંને પક્ષકાર એટલે કે સ્ત્રી અને પુરુષ વ્યભિચારી હોઈ શકે છે, છતાં ફોજદારી ધારા હેઠળ વ્યભિચાર બદલ સજાની જોગવાઈ માત્ર પુરુષ માટે છે. ત્રાસ, ક્રૂરતાના આધારે પણ પતિ અને પત્ની છૂટાછેડા મેળવી શકે છે. માત્ર પતિ જ પત્નીને ત્રાસ આપતો હોય એવું નથી. ઘણી વાર પત્ની પણ પતિને ત્રાસ આપે છે. જોકે આનો આધાર સામાન્ય રીતે સ્ત્રીઓ વધારે લે છે. ત્રાસ શારીરિક કે માનસિક હોઈ શકે છે. દરેક દાવામાં મામલાની હકીકતના આધારે અદાલત પોતાની રીતે નક્કી કરે છે કે અમુક દાવામાં ત્રાસ ગણાય કે નહીં. ત્રાસની વ્યાખ્યામાં એવા તમામ પ્રકારના શારીરિક અને માનસિક ત્રાસનો સમાવેશ થાય છે, જેની યોગ્યાયોગ્યતાના આધારે કહી શકાય કે આવી સ્થિતિમાં દંપતી એકસાથે ન રહી શકે. વિશેષ લગ્ન તારો 1954, હિન્દુ લગ્ન ધારો 1955 વગેરેમાં છુટાછેડા ની જોગવાઈઓ કરવામાં આવેલી છે.

અભ્યાસ હેઠળના 92% ઉત્તરદાતાઓ પાસેથી જાણવા મળ્યું કે તેઓ છૂટાછેડા અંગેના કાયદા વિશે જાણે છે અને ભવિષ્યમાં તેઓને આ કાયદાના ઉપયોગ કરવાનો થાય તો તે ચોક્કસથી ઉપયોગ કરી શકશે. એટલે કે પરિવર્તનના પરિબળોના લીધે ઉચ્ચ શિક્ષિત યુવતીઓ પોતાના ઉપર થતા અન્યને સહન ન કરતા છૂટાછેડા લેવાની બાબતને વધુ પ્રાધાન્ય આપે છે.

- **હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ/ મિલકત અધિકાર અધિનિયમ**

સ્ત્રી હિંદુઓ માટે, હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ અનુસાર વર્ગ 1 સંબંધીઓ સમાન છે. યાદીમાં મૃતક પુત્ર/પુત્રીના પતિ, બાળકો અને બાળકોનો સમાવેશ થાય છે. જો તેમાંથી એક જીવિત હોય, તો એસ્ટેટ પતિના વારસદારોને આપવામાં આવશે. જો પતિ પાસે કોઈ વારસદાર ન હોય, તો તે મૃતકની માતા અને પિતાને પસાર થશે, જો તેઓ હજુ પણ જીવંત છે. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમમાં સ્ત્રી હિંદુ દ્વારા તેના પિતા અથવા માતા પાસેથી વારસામાં મળેલી મિલકત માટે અનન્ય જોગવાઈ છે. જો તે પુત્ર કે પુત્રીને પાછળ છોડતી નથી, તો આવી મિલકત તેના પિતાના કાયદેસરના વારસદારોને જશે. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ એ પણ જણાવે છે કે જો બે વ્યક્તિઓ એક જ સમયે મૃત્યુ પામે છે, જેમ કે વાહન અથવા વિમાન અકસ્માતમાં, અને દરેકના મૃત્યુનો ચોક્કસ સમય નક્કી કરી શકાતો નથી, તો એવું માનવામાં આવે છે કે જ્યાં સુધી વિપરીત ન થાય ત્યાં સુધી વડીલ પ્રથમ મૃત્યુ પામ્યા. સાબિત. વધુમાં, જે વ્યક્તિ અન્ય વ્યક્તિની હત્યા કરે છે તે તેની મિલકતનો વારસો મેળવશે નહીં. બીજી તરફ તેના વારસદારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા નથી. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમમાં ઉલ્લેખિત આ કલમો નોંધપાત્ર છે કારણ કે તે કાયદેસર વારસદારોને પસાર થતી મિલકતની ઉત્તરાધિકાર રેખા/ગુણોત્તર બદલે છે.

પ્રસ્તુત અભ્યાસમાં 70% જેટલા ઉતરદાતાઓ મિલકત અધિકાર કે વારસાઇ અધિકાર ના અધિનિયમ વિશે જાણકારી ધરાવે છે. પરંતુ પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીનું ગૌણ સ્થાન હોવાને લીધે તેમ જ વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે કોઈપણ સ્ત્રી પોતાના પિતાની મિલકત માંથી મિલકત અધિકાર મેળવવા માટે પ્રયત્ન કરતી નથી અને અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓએ પણ આ અંગે સમર્થન આપ્યું એમ જાણવા મળેલ છે. આના પરથી તારવી શકાય છે કે શિક્ષણ આધુનિકીકરણ કાનૂનીકરણ વગેરે જેવા પરિવર્તનના પરિબળો હોવા છતાં અભ્યાસની સ્ત્રીઓ પોતાને મળતા મિલકતના અધિકારો છતાં કરે છે અને પરિવાર સાથેના સંબંધ ટકાવી રાખવામાં માને છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- **જાતીય સતામણી પ્રતિબંધિત અધિનિયમ**

જાતીય સતામણી અને જાતીય શોષણથી સ્ત્રીના મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે. આ એક વ્યાપક સમસ્યા છે. કેટલાક અભ્યાસો મુજબ 40 ટકાથી 60 ટકા સ્ત્રીઓ કામના સ્થળે જાતીય સતામણી કે જાતીય શોષણનો ભોગ બને છે, પરંતુ આ એક એવો ગુનો છે કે જે ચૂપકીદીથી ચાદર હેઠળ ઢંકાયેલો રહે છે. જાતીય હિંસા એ સ્ત્રીને વ્યક્તિ નહીં, પરંતુ ચીજ કે વસ્તુ અને કુટુંબ કે સમુદાયની મિલકત માનવાની માનસિકતાનું પરિણામ છે. જાતીય હિંસાને ગુના તરીકે જોવાને બદલે તેને સ્ત્રીની ઈજ્જત સાથે જોડી દેવાની માનસિકતાને પરિણામે આ ગુનાનો ભોગ બનનાર સ્ત્રી માટે ન્યાય માંગવો ખૂબ મુશ્કેલ બની જાય છે.

અભ્યાસના 88% ઉત્તરદાતાઓ કામના સ્થળે જાતીય સતામણી ના કાયદા વિશે માહિતગાર છે. આ કાયદાના અમલીકરણ સંદર્ભે તેઓ પાસેથી જાણવા મળ્યું કે આગામી સમયમાં કેવી સ્થિતિ રહે છે તે પ્રમાણે ગુનાહિત સામે ગુનો દાખલ કરવો. એટલે કે પોતાની સાથે થતા જાતીય શોષણ કે અત્યાચાર સામે અવાજ ઉઠાવવા માટે સક્ષમ છે અને આ અંગેનું વર્તન કરનાર ગુનેગારને ક્યારે પણ માફ ન કરી શકાય એ પ્રકારની માનસિકતા પણ તેઓ ધરાવે છે. આમાં ના અમુક ઉત્તરદાતા એ તો આ પ્રકારનો ગુનો કરનાર ગુનેગારો સામે કડકમાં કડક સજા થાય અને સજા પણ જાહેરમાં થાય એવી માંગણી અને લાગણી દર્શાવતા હતા.

કામના સ્થળે જ્યારે જાતીય હિંસા કે જાતીય શોષણ થાય ત્યારે એક વધારાની મુશ્કેલી એ આવે છે કે તે સ્ત્રીની રોજી-રોટી સાથે તેની આજીવિકા સંકળાઈ જાય છે.  આવા સંજોગોમાં જો ન્યાય મળવાનું માળખું ન હોય તો સ્ત્રી પાસે નોકરી કે રોજગારી છોડી દેવી અથવા છોડી ન શકે તેવી મજબૂરી હોય તો ચૂપચાપ સહન કરવું એમ બે જ વિકલ્પો રહે છે. ભારતમાં પહેલી વાર આ વાતનો સ્વીકાર તા. 13-8-1997ના રોજ સુપ્રિમ કૉર્ટના – writ petition (criminal) nos. 666-70 of 1992, Vishaka & Ors. Vs State of Rajasthan & Ors. - વિશાખા જજમેન્ટ તરીકે જાણીતા ચુકાદામાં કરવામાં આવ્યો. આ ચુકાદાથી પ્રથમ વખત કામના સ્થળે થતી જાતીય હિંસાને કાયદાનું સ્વરૂપ મળ્યું અને આ જ ચુકાદામાં ભારતની સંસદને આ અંગે કાયદો બનાવવાની ભલામણ કરવામાં આવી હતી.

આ કેસ રાજસ્થાનમાં 'મહિલા વિકાસ કાર્યક્રમ'માં કામ કરતી સંઘર્ષશીલ મહિલા ભંવરીદેવીની લડતનું પરિણામ હતો. રાજસ્થાન સરકારના 'મહિલા વિકાસ કાર્યક્રમ'ના કાર્યકર તરીકે જ્યારે ભંવરીદેવીએ ગામમાં થતા બાળલગ્નોનો વિરોધ કર્યો ત્યારે ગામના મુખી સહિત વર્ચસ્વ ધરાવનાર જ્ઞાતિના આગેવાનોએ તેને પાઠ ભણાવવા તેની ઉપર સામૂહિક બળાત્કાર કર્યો.પ્રામાણિકપણે પોતાની ફરજ બજાવીને બાળલગ્નના કાયદાનું પાલન કરાવવાના પ્રયત્ન બદલ સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી આ સ્ત્રી-કાર્યકરને રાજસ્થાન સરકાર તરફથી કોઈ મદદ તો ના મળી, પરંતુ દિવસો સુધી તેના કેસમાં એફ.આઈ.આર. પણ નોંધવામાં ન આવી. રાજસ્થાન અને ત્યારબાદ દેશભરનાં સ્ત્રી-સંગઠનોના ટેકાથી આ કેસ ચાલ્યો. ભંવરીદેવીને ટેકો આપનાર 'વિશાખા' નામની સંસ્થાએ સુપ્રિમ કૉર્ટમાં કેસ દાખલ કર્યો અને માગણી કરી કે કામના સ્થળે થતી જાતીય સતામણી અને શોષણ રોકવાની જવાબદારી માલિકોની છે. આ કેસના ચુકાદામાં જાતીય સતામણી રોકવાનું માળખું અને ગાઈડલાઈન સુપ્રિમ કૉર્ટે જાહેર કર્યાં અને તમામ કામનાં સ્થળોએ 'જાતીય સતામણી વિરોધી સમિતિ'ની રચના કરવા હુકમ કર્યો. આ વર્ષો દરમ્યાન સુપ્રિમ કૉર્ટના ચુકાદાનો અમલ ખૂબ ઓછા કામનાં સ્થળોએ કર્યો છે અથવા અધકચરો જ કર્યો છે. ઉપરાંત, આપણા દેશમાં 90 ટકા કરતાં વધારે સ્ત્રીઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. તેમના માટે કામના સ્થળની વ્યાખ્યા અલગથી કરવી પડે. વિશાખા જજમેન્ટના અમલ માટેના પ્રયત્નો દરમ્યાન અનેક મુદ્દાઓ ધ્યાનમાં આવ્યા. તે અંગે દેશભરનાં સંગઠનોએ વખતો વખત ચર્ચાઓ કરી કાયદાના ખરડા બનાવ્યા અને તેને મંજૂર કરાવવા સરકારનાં વિવિધ ખાતાઓ, મંત્રીઓ સાથે મંત્રણા કરી, દબાણજૂથ ઊભું કર્યું, રજૂઆતો કરી, એમ સતત પ્રયત્નો બાદ આ કાયદો અસ્તિત્વમાં આવ્યો છે. આમ, ન્યાયી સમાજની રચના માટે "The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal)" કાયદો – 2013 ખૂબ મહત્વનો બની જાય છે.

- **જાતીય સતામણીની વ્યાખ્યા**

પ્રસ્તુત કાયદાની કલમ-2(એન)માં નીચે મુજબની અનિચ્છનીય વર્તણૂંકોનો સમાવેશ જાતીય સતામણીમાં કરવામાં આવ્યો છે:

- શારીરિક સંપર્ક/સ્પર્શ કરવો કે તેમ કરવાની કોશિશ કરવી.
- જાતીય સંબંધ બાંધવાની માગણી કરવી, તેમ કરવા દબાણ કરવું.

- જાતીય અર્થવાળી ટકોર કરવી. (સેક્સ્યુઅલ કલર્ડ રીમાર્ક)
- અશ્લીલ ચિત્રો, ફિલ્મો બતાવવાં.
- ઉપર જણાવેલી તમામ વર્તણૂક ઉપરાંત, શરીર દ્વારા, શબ્દો દ્વારા કે તે સિવાય ઈશારા વગેરે દ્વારા કરેલો કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય જાતીય વ્યવહાર, વર્તણૂંકનો જાતીય સતામણીમાં સમાવેશ થાય છે. ઉપરાંત, કલમ 3 (1) જાતીય સતામણી રોકવા માટેની જોગવાઈની સાથે 3 (2)માં જાતીય સતામણીની સાથે, જો નીચે મુજબના સંજોગો અસ્તિત્વમાં હોય તો તેને પણ જાતીય સતામણી ગણી શકાય તેમ જણાવેલું છે:

I. રોજગારીમાં બીજા કરતાં વધારે સારો, ખાસ પ્રકારનો વ્યવહાર કરવાનો ગર્ભિત કે સ્પષ્ટ વાયદો કરવો.

II. રોજગારીમાં બીજા કરતાં વધારે ખરાબ વ્યવહાર કરવાની ગર્ભિત કે સ્પષ્ટ ધમકી આપવી.

III. હાલના કે ભવિષ્યના કામના દરજ્જાના સંદર્ભમાં ગર્ભિત કે સ્પષ્ટ ધમકી આપવી.

IV. કામમાં દખલગીરી કરવી, અથવા ડરાવી-ધમકાવીને કામનું પ્રતિકૂળ વાતાવરણ ઊભું કરવું.

V. અપમાનજનક વ્યવહાર કરવો કે જેથી તેના સ્વાસ્થ્ય કે સલામતીને અસર થવાની સંભાવના હોય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભ સૂચિ**


- રાવલ ચંદ્રિકા, - જેન્ડર અને સમાજ, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવાદ-2010
- શાહ એ.જી અને દવે જે.કે. – સ્ત્રીઓ અને સમાજ, અનડા પ્રકાશન, અમદાવાદ-2006
- बाबेल बसंती लाल – महिला एवं बाल कानून, सेंट्रल लॉ एजेंसी-2017
- ओझा सुरेश, - महिला कानून, सर्जन प्रकाशन, बीकानेर-2019
- Internet – women related low in India.